જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૬/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૦૩/૨૦૨૩

**વેજલપુરઃ** હસનઅલી ઇસ્તીયાકઅલી સૈયદ (ઉ.વ.૨૦)(રહે,ચિનારપાર્ક ગુલજારપાર્ક ગેટ નંબર-૦૨ મુલીનપાર્કની બાજુમા સરખેજ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૩ ના કલાક ૧/૦૦ થી સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની બારીની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૯,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.વ્યાસ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૦૪/૨૦૨૩</u>**

**નવરંગપુરાઃ** રાજલબહેન વા/ઓ વિનયભાઇ દેસાઇ (ઉ.વ.૨૭)(રહે.રબારીવાસ સુપરમોલની પાછળ સી.જી.રોડ નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૩ રાતના ૯/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા બોડીલાઇન ચાર રસ્તા થી લો-ગાર્ડન ચાર રસ્તા તરફ જતા એકસિસ બેંક સામે આવેલ ચાર રસ્તા પાસે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજલબહેનએ પહેરેલ સોનાની પેન્ડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી